## (1) ડ્રાફ્ટ હેલ્થ ડેટા મેનેજમેન્ટ પોલિસી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પોલિસી તાજેતરમાં પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવી છે.

(2) આ નીતિનો હેતુ એક એવા ફ્રેમવર્કની રચના કરવાનો છે કે જેના દ્વારા વ્યકિતઓના ડેટા સુરક્ષિત રહી શકે.

(3) આ નીતિ ડેટા પ્રાઈવસી વિશેની જાગૃતતા પણ ફેલાવશે.

(4) આ સાથે નીતિ આરોગ્ય સેવાની બાબતે રાષ્ટ્રીય પોર્ટેબિલીટીને સુનિશ્ચિત કરશે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 26 ઓગસ્ટના રોજ નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હેઠળ ડ્રાફ્ટ હેલ્થ ડેટા મેનેજમેન્ટ પોલિસી જાહેર કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ નીતિના મુખ્ય હેતુઓ :

- નેશનલ ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ (NDHE)માં સમાવિષ્ટ વ્યકિતઓના ડેટા સુરક્ષિત રહે તેવા ફ્રેમવર્કની રચના કરવી. (આથી, વિધાન (2) સાચું છે.)
- ટેક્નીકલ તથા સંસ્થાકીય માપદંડો દ્વારા ઈલેક્ટ્રોનીક હેલ્થ રેકોર્ડ અને મેડિકલ રેકોર્ડનું રક્ષણ કરવું.
- ડેટા પ્રાઈવસી વિશે જાગૃતતા વધારવી. (આથી, વિધાન (3) સાચું છે.)
- NDHEના ઓડીટ માટે સંસ્થાકીય મિકેનીઝમ સ્થાપવું.
- આરોગ્ય સેવાની બાબતે રાષ્ટ્રીય પોર્ટેબિલીટી સુનિશ્ચિત કરવી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) એકસપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્ષ, 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ સૂચકાંક એકસપોર્ટ–ઈમ્પોર્ટ બેંક (EXIM) દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ સૂચકાંકમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે રહયું છે.

(3) પોલિસી પેરામીટરની દષ્ટિએ ગુજરાતનો પ્રથમ ક્રમ છે.

(4) ભારતના 70% એકસપોર્ટ પર 5 રાજ્યોનું પ્રભુત્વ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1) અને (3)

(D) માત્ર (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા એકસપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્ષ, 2020 જાહેર કરવામાં આવી છે. આ સૂચકાંકમાં ઈન્સ્ટીટયુટ ઓફ કમ્પીટીટીવનેસ નીતિ આયોગની ભાગીદાર રહી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ સૂચકાંકમાં ગુજરાતનો પ્રથમ ક્રમ આવ્યો છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને તમિલનાડુના ક્રમ છે. આ ક્રમાંક માટે તેમનો દરિયાકાંઠાનો વિસ્તાર જવાબદાર છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ લેન્ડલોક્ડ રાજ્યોમાં રાજસ્થાને ઉચ્ચ પ્રદર્શન કરેલું છે.

⇛ હિમાલયના રાજ્યોમાં ઉત્તરાખંડ પ્રમુખ સ્થાને છે.

⇛ રિપોર્ટ મુજબ, ભારતના 70% એકસપોર્ટ પર 5 રાજ્યો (મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ અને તેલંગાણા) પ્રભુત્વ ધરાવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ પોલિસી પેરામીટરની દષ્ટિએ મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. ત્યારબાદ ક્રમશ : ગુજરાત અને ઝારખંડ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતની માથાદીઠ નિકાસ 241 ડોલર છે. ચીનની માથાદીઠ નિકાસ 18,000 ડોલર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) વાઈલ્ડ પોલિયો વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) WHO દ્વારા આફ્રિકા ખંડને વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું છે.
(2) દક્ષિણ સુદાન અંતિમ દેશ હતો જેને વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર કરાયો છે.
(3) વિશ્વમાં માત્ર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જ વાઈલ્ડ પોલિયો જોવા મળે છે.
(4) આફ્રિકામાં હવે માત્ર રસી દ્વારા પ્રસરેલો પોલિયો જ જોવા મળે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં WHO દ્વારા આફ્રિકાને વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રોગ હવે માત્ર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જ જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ નાઈજેરીયા અંતિમ આફ્રિકન દેશ હતો જેને વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્તમાન સમયે આફ્રિકાની 95%થી વધુ વસતીને પોલિયો સમક્ષની ઈમ્યુનીટી મળી ચૂકી છે.

⇛ પોલિયો દુષિત પાણી મારફતે ફેલાય શકે છે અને તે વ્યકિતને પેરાલાઈઝ કરી શકે છે.

⇛ આફ્રિકામાં હવે માત્ર રસી દ્વારા પ્રસરેલો પોલિયો જ જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) મશીર નામની માછલી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) મશીર સામાન્ય રીતે હિમાલયની નદીઓમાં જોવા મળે છે.

(2) આ સૂક્ષ્મ માછલીને શાંત પાણી વધુ પસંદ હોય છે.

(3) ભારતમાં મશીરની વિવિધ 8 પ્રજાતિ જોવા મળે છે.

(4) હમ્પ બેકડ મશીર (Hump Backed Masheer) સમગ્ર વિશ્વમાં માત્ર ભારતમાં જ જોવા મળે છે.

(A) માત્ર (2)

(B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2), (3) અને (4)

(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સિલેરૂ નદીમાં દુર્લભ એવી મશીર માછલી જોવા મળી હતી.

⇛ મશીર સામાન્ય રીતે ઠંડા વિસ્તારોની હિમાલયની નદીઓમાં જોવા મળે છે. આ વિસ્તારોમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ભૂટાન અને નેપાળનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક મોટી તથા તાજા પાણીની માછલી છે. તે સામાન્ય રીતે, ઝડપથી ગતિ કરતાં ઝરણાંઓના પાણીમાં રહેવાનું પસંદ કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વિશ્વમાં મશીરની 47 પ્રજાતિઓ છે. જે પૈકી ભારતમાં તેની 15 પ્રજાતિઓ જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તાજેતરમાં IUCN દ્વારા Hump Backed Masheerને ગંભીર રીતે જોખમમાં (Critically Endangered) રહેલ પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આ માછલી સમગ્ર વિશ્વમાં માત્ર ભારતની કાવેરી નદીમાં જ જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પુરસ્કાર રાષ્ટ્રપતિ દ્વારા ગણતંત્ર દિવસ નિમિત્તે આપવામાં આવે છે.
(2) આ પુરસ્કારના બે વર્ગ છે. (i) બાળ શકિત પુરસ્કાર (ii) બાળ કલ્યાણ પુરસ્કાર
(3) બાળ શકિત પુરસ્કાર 14 વર્ષ સુધીના બાળકને મળવાપાત્ર છે.
(4) બાળ કલ્યાણ પુરસ્કાર 18 વર્ષ સુધીના બાળકોને મળી શકે છે.

(A) માત્ર (1)  (B) માત્ર (2)
(C) માત્ર (1), (3) અને (4)  (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર દર વર્ષે રાષ્ટ્રપતિ દ્વારા ગણતંત્ર દિવસની આગળના સપ્તાહમાં આપવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પુરસ્કાર 2 વર્ગોમાં આપવામાં આવે છે :
(i) બાળ શકિત પુરસ્કાર (ii) બાળ કલ્યાણ પુરસ્કાર (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ બાળ શકિત પુરસ્કાર :
- વિવિધ ક્ષેત્રે બાળકો દ્વારા મેળવવામાં આવેલી અજોડ સિદ્ધિઓને ઓળખ આપવા માટે આ પુરસ્કાર આપવામાં આવે છે.
- લાયકાત : ભારતમાં વસતો તથા ભારતનો નાગરિક હોય તેવો 5 થી 18 વર્ષનો બાળક. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ બાળ કલ્યાણ પુરસ્કાર :
- આ પુરસ્કાર બાળ વિકાસ, બાળ સુરક્ષા અને બાળ કલ્યાણ ક્ષેત્રે કરેલા યોગદાન બદલ વ્યકિત તથા સંસ્થાને આપવામાં આવે છે.
- લાયકાત : ભારતમાં વસતો તથા ભારતનો નાગરિક હોય તેવા 18 વર્ષથી વધુ ઉંમરનો વ્યકિત. તેણે ઓછામાં ઓછા 7 વર્ષ આ ક્ષેત્રે કાર્ય કરેલું હોવું જોઈએ. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
## તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
## નીચે આપેલા અમારા
## Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT